

અંબાણી પરિવારે સિદ્ધિવિનાયકના દર્શન કર્યા

મુંબઈ, તા. 28: જિયો પ્લેટફોર્મ્સના આઈપીઓ (IPO) ની શાનદાર લિસ્ટિંગ બાદ મુકેશ અંબાણી સહિત સમગ્ર અંબાણી પરિવાર મુંબઈના પ્રસિદ્ધ સિદ્ધિવિનાયક મંદિરે પહોંચ્યો હતો. બપ્પાના દર્શન કરી પરિવારના સભ્યોએ આશીર્વાદ લીધા હતા. આ ધાર્મિક મુલાકાત દરમિયાન મોટી વહુ શ્લોકા મહેતા ઓફ-વ્હાઈટ કલરના અનારકલી સૂટમાં પોતાની પુત્રી વેદાને ગોદમાં ઉઠાવેલી નજરે પડી હતી, જેનો સાદગીભર્યો અંદાજ ખૂબ આકર્ષક લાગતો હતો. આ પ્રસંગે મુકેશ અંબાણી, નીતા અંબાણી, આકાશ અંબાણી, ઈશા અંબાણી અને અનંત અંબાણી પણ પરિવાર સાથે ઉપસ્થિત રહ્યા હતા. મંદિરમાં પૂજારી દ્વારા તમામ સભ્યોને તિલક કરવામાં આવ્યું હતું. અગાઉ જિયોના આઈપીઓ લિસ્ટિંગ સેરેમની દરમિયાન અનંત અંબાણીનું ભાવનાત્મક ભાષણ અને પરિવારની ઉપસ્થિતિ ચર્ચાનો વિષય બની હતી. મંદિરે પહોંચીને આ પરિવારએ ભગવાનના ચરણોમાં શીશ નમાવીને આ સફળતા માટે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

શું વિરાટ-અનુષ્કા ત્રીજી વાર માતા-પિતા બનવા જઈ રહ્યાં છે?

મુંબઈ, તા. 28: બોલિવૂડ અભિનેત્રી અનુષ્કા શર્મા હાલમાં એક્ટિંગથી દૂર રહીને પતિ વિરાટ કોહલી અને બાળકો સાથે આધ્યાત્મિક જીવન જીવી રહી છે. તાજેતરમાં જ અનુષ્કા શર્મા અને વિરાટ કોહલી મુંબઈમાં કૃષ્ણ દાસના કીર્તનમાં જોવા મળ્યા હતા. દરમિયાન લાંબા સમય પછી જોવા મળેલી અનુષ્કા શર્માની ત્રીજી પ્રેગ્નન્સીની ચર્ચાઓ ખૂબ ઝડપથી શરૂ થઈ ગઈ છે. અનુષ્કા શર્માના ઘણા બધા વીડિયો સામે આવ્યા છે, જેને જોઈને તમામ સોશિયલ મીડિયા યુઝર્સ અને તેમના ચાહકો સવાલ કરી રહ્યા છે કે શું વામિકા અને અકાય પછી અનુષ્કા શર્મા પોતાના ત્રીજા બાળક સાથે સગર્ભા છે?

'રામાયણ'નું LAમાં પ્રીમિયર, ડબિંગમાં AI મુદ્દે વિવાદ

મુંબઈ, તા. 28: નિતીશ તિવારીનું ભારતીય મહાકાવ્ય 'રામાયણ'નું રૂપાંતરણ મંગળવારે લોસ એન્જલસ, કેલિફોર્નિયામાં એકેડેમી મ્યુઝિયમ ઓફ મોશન પિક્ચર્સ ખાતે વર્લ્ડ પ્રીમિયર થયું હતું. આ ભવ્ય ઇવેન્ટમાં રણબીર કપૂર, સાઈ પલ્લવી અને યશ અનુક્રમે રામ, સીતા અને રાવણ તરીકે અભિનિત ફિલ્મની ડબ કરેલી અંગ્રેજી આવૃત્તિ દર્શાવવામાં આવી હતી. ડબિંગ પ્રક્રિયામાં જનરેટિવ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે. રામાયણની આંતરરાષ્ટ્રીય આવૃત્તિઓ માટે ડબિંગ પ્રક્રિયામાં વપરાતી ટેકનોલોજીને બ્રહ્મા એઆઈ કહેવામાં આવે છે. વોઇસ ડબિંગ કલાકારોએ દાવો કરી રહ્યા છે કે તેઓ એઆઈને કારણે નોકરીઓ ગુમાવી રહ્યા છે, જેનો ઉપયોગ મૂળ કલાકારોના અવાજનો ક્લોન બનાવીને અન્ય ભાષાઓમાં કન્વર્ટ કરવા માટે થઈ રહ્યો છે.

ડેટા કાયદાથી પત્રકારત્વની સ્વતંત્રતા જોખમાશે નહીં: અશ્વિની વૈષ્ણવ

સરકાર જરૂર પડ્યે કાયદામાં સુધારા કરવા તૈયાર: અશ્વિની વૈષ્ણવ

કેન્દ્રીય મંત્રીએ તંત્રીઓ અને મીડિયાકર્મીઓને ખુલ્લી ચર્ચા માટે આમંત્રણ આપ્યું

નવી દિલ્હી, તા. 28 (પીટીઆઈ): ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન (ડીપીડીપી) એક્ટથી ઇન્વેસ્ટિગેટિવ જર્નલિઝમ કે પ્રેસની સ્વતંત્રતા જોખમાઈ શકે છે તેવી ચર્ચાઓને કેન્દ્રીય આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે બુધવારે ફગાવી દીધી છે.

વૈષ્ણવે જણાવ્યું હતું કે, 'પત્રકારત્વની સ્વતંત્રતા ભારતના બંધારણ દ્વારા સુનિશ્ચિત કરવામાં આવી છે અને તે સ્વતંત્રતા સંપૂર્ણપણે ઉપલબ્ધ છે. પત્રકારત્વની સ્વતંત્રતાને અસર કરવાનો કોઈ ઈરાદો જ નથી.' મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ગોપનીયતાનો કાયદો મીડિયાની સ્વતંત્રતાની બંધારણીય ગેરંટીને સંપૂર્ણપણે જાળવી રાખે છે અને આ અંગે કોઈ શંકા હોવી જોઈએ નહીં. તેમણે એમ પણ ઉમેર્યું હતું કે જો કોઈ સ્પષ્ટતા કે સુધારાત્મક પગલાંની જરૂર જણાશે તો સરકાર ચિંતાઓ સાંભળવા અને સૂચનો ધ્યાનમાં લેવા તૈયાર છે.

મંત્રીએ સ્પષ્ટતા કરી હતી કે, 'હું તમામ તંત્રીઓ અને મીડિયાકર્મીઓને અમારી સાથે ખુલ્લી અને સ્પષ્ટ ચર્ચા કરવા માટે આમંત્રિત કરું છું. અમે સમજાવવામાં ખૂબ જ ખુશ હોઈશું અને જો કોઈ શંકા હશે, તો કોઈપણ સૂચનને રેકોર્ડ પર લેવા અને જરૂર પડ્યે કાર્યવાહી કરવા તૈયાર છીએ.' પ્રકાશકોએ એવી દલીલ કરી હતી કે વ્યક્તિગત માહિતી સંબંધી અહેવાલોમાં સ્પષ્ટ અપવાદના અભાવે મુશ્કેલી ઊભી થઈ શકે છે, જ્યારે સરકારી સૂત્રોએ સંકેત આપ્યા હતા કે પત્રકારત્વને સુરક્ષિત કરવા માટે કાયદામાં સુધારો પણ કરી શકાય છે.

વૈષ્ણવે જણાવ્યું હતું કે ડીપીડીપી એક્ટ સુપ્રીમ કોર્ટના એ ચુકાદા પછી આવ્યો છે જેમાં ગોપનીયતાના અધિકારને મૂળભૂત અધિકાર તરીકે માન્યતા આપવામાં આવી હતી. આ કાયદો ઘડતી વખતે અખબારો, ટેલિવિઝન ચેનલ અને આઈટી ઉદ્યોગ સહિતના હિસ્સેદારો સાથે વ્યાપક પરામર્શ કરવામાં આવ્યો હતો.

'મારી ઈચ્છા હશે ત્યારે યુદ્ધ પૂરું થશે': ટેક્સાસ રેલીમાં ટ્રમ્પની ચીમકી

મિડટર્મ ચૂંટણી બાદ ઈરાન પર અમેરિકી હુમલાની શક્યતા

3 નવેમ્બરની ચૂંટણી સુધી લશ્કરી કાર્યવાહી ન કરવાની ખાતરી વચ્ચે ગલ્ફ દેશોને એલર્ટ કરાયા

ઈંધણના વધતા ભાવ અને આઠ મહિના લાંબા યુદ્ધને કારણે રિપબ્લિકન પક્ષ પર રાજકીય દબાણ વધ્યું

વોશિંગ્ટન, તા. 28 (પીટીઆઈ): યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા મિડટર્મ ચૂંટણીઓ પૂર્ણ થયા પછી તરત જ ઈરાન સામે ટૂંકા પરંતુ અત્યંત તીવ્ર લશ્કરી પ્રહારો શરૂ કરવામાં આવી શકે છે, જે અંગે ગલ્ફ પ્રદેશના અમેરિકી મિત્ર દેશોને આગોતરી ચેતવણી આપવામાં આવી છે જ્યારે ટેક્સાસના લુબોક ખાતે યોજાયેલી એક ચૂંટણી રેલીને સંબોધતા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન યુદ્ધ અંગે ચીમકી આપતા જણાવ્યું હતું કે, 'જ્યારે મારી ઈચ્છા થશે ત્યારે આ યુદ્ધ પૂરું થઈ જશે.'

અમે મોંઘવારી નીચે લાવ્યા છે. જ્યારે યુદ્ધ સમાપ્ત થશે તે હજુ નીચે આવશે, એમ ટ્રમ્પે પોતાના સંબોધનમાં કહ્યું હતું. કોઈએ મને પૂછ્યું યુદ્ધ ક્યારે સમાપ્ત થશે 'મેં કહ્યું જ્યારે હું ઈચ્છીશ યુદ્ધ સમાપ્ત થઈ જશે.'

અમેરિકી સૈન્ય દ્વારા મિડટર્મ ચૂંટણી પછી ઈરાનના પરમાણુ મથકો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર હુમલા કરવા માટે બોમ્બર વિમાનો અને જેટ ફાઈટર્સ સજ્જ કરવામાં આવ્યા છે. પેન્ટાગોને મધ્ય પૂર્વના પ્રદેશમાં વધારાની એરક્રાફ્ટ કેરિયર સ્ટ્રાઈક ગ્રૂપ પણ રવાના કરી દીધી છે.

આઠ મહિનાથી ચાલી રહેલા આ યુદ્ધને કારણે અમેરિકામાં પેટ્રોલ અને ડીઝલના ભાવોમાં વિક્રમી વધારો થયો છે, જેનાથી સામાન્ય જનતામાં ભારે અસંતોષ વ્યાપ્યો છે.

મધ્ય પ્રદેશમાં બુટલેગરે નકલી દારૂ બનાવવા એઆઈનો ઉપયોગ કર્યો

આ નકલી દારૂ પીવાથી અનેક લોકોનાં મોત થયાંનો ગ્રામજનોનો દાવો

ઈન્દોર, તા. 28 (PTI): મધ્ય પ્રદેશના દેવાસ જિલ્લામાં પોલીસે એક રેકેટનો પર્દાફાશ કર્યો છે, જેમાં કેમિકલનો ઉપયોગ કરીને નકલી દારૂ કેવી રીતે બનાવવો તે શીખવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)નો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનો આરોપ છે. આ ઘટનાને કારણે એક દુર્ઘટના સર્જાઈ છે જેમાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે ગ્રામજનો દાવો કરી રહ્યા છે કે, મૃત્યુઆંક 10ની આસપાસ છે.

આ ગેરકાયદેસર પ્રવૃત્તિના સંબંધમાં અત્યાર સુધીમાં 10 લોકોની ધરપકડ કરવામાં આવી છે.

સોદો રદ થયા અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ડિસ્ટ્રીક્ટ સુરત, સબ ડિસ્ટ્રીક્ટ તાલુકો પલસાણાના, મોજે ગામ ગાભીમાના રે.સ.નં. : ૧૩૮ બ્લોક/સ.નં. નં. : ૧૪૪ થી નોંધાયેલી જુની શરતની ખેતીની જમીન કે જેનું ક્ષેત્રફળ હે.આરે. ૧-૦૭-૯૮ ચો.મી. તથા આકાર રૂ.૧૨-૧૨ પૈસા છે જેનો ખાતા નં. : ૨૧૩ વાળી જમીનની વેચાણ અંગેની જાહેર નોટિસ અમારા અસીલએ તારીખ : ૦૩/૦૬/૨૦૨૬ ના રોજ '' ગુજરાતમિત્ર '' અખબારમાં પ્રસિદ્ધ કરવામાં આવી હતી. સદર જમીન બાબતે અમારા અસીલ અને જમીન માલિકો વચ્ચે થયેલ વાતચીત મુજબનો સોદો સંજોગોવસાત આગળ વધી શકે તેમ ના હોય, સદર સોદો આજરોજ રદ કરવામાં આવે છે.જેથી, તારીખ : ૦૩/૦૬/૨૦૨૬ ની નોટિસ અન્વયે હવે કોઈએ પણ હક્ક, હિસ્સો કે વાંધો રજૂ કરવાની જરૂર રહેતી નથી. હવે પછી સદર જમીન બાબતે થતા કોઈપણ વ્યવહાર માટે અમારા અસીલ જવાબદાર રહેશે નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઓફિસ : ઓફિસ-૦૯ થી ૦૯-૧૦ મેઘમયુર એપાર્ટમેન્ટ, કડોદરા પાટીયા, સુરત. Mo. [illegible]

SNR ASSOCIATES

શૈલેષ એન. રાજપુત (એડવોકેટ એન્ડ નોટરી)

શર્મિલ જે. માલી (એડવોકેટ)

ટાઇટલ ક્લીયરન્સ તથા વેચાણ અંગેની જાહેર નોટીસ

જીલ્લા સુરતના વરાછા રોડ, ... મોજે ... ના સર્વે નં. ૧૩૭, ૧૩૭, ૧૩૮, બ્લોક નં. ૧૮૦ વાળી બીનખેતીની જમીન જેને ટી.પી.સ્કીમ નં. ૫૯ (ઉના) ફાઇનલ પ્લોટ નં. ૧૬૫ ફાળવવામાં આવેલ તે જમીનમાં પાડવામાં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નં. ૧૭એ, ૧૭બી તથા ૧૭સી ... તથા ૧૭ડી, ૩, ૪, ૫, ૬ નંબર વાળી જમીનના માલીક મુખત્યાર તેમજ પ્રત્યક્ષ કબજેદાર તરીકે અરવિંદભાઈ જયપ્રકાશ પાનવાલા ચાલી આવેલ છે. અને સદરહુ મીલકતના ટાઇટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવી, બોજા રહિત તેમજ પ્રત્યક્ષ કબજા સાથે અમારા અસીલને ડિમાની અવેજ બદલ વેચાણ આપવા નક્કી કરેલ છે. જેથી સદરહુ મીલકત અંગે કોઈના કોઈપણ ... કે સદર ... વ્યક્તિ, બેંક, સંસ્થાના કોઈપણ પ્રકારના હક્ક, હિત, અધિકાર હોય કે વેચાણ રાખવાના હક્કો ... હોય તો તેઓએ આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૧૪ માં તે અંગેના વાંધા દસ્તાવેજ પુરાવાઓ સહિત અમોને લેખિતમાં મોકલી આપવા. જો તેમ કરવામાં કસૂર કરવામાં આવશે તો આ નોટિસની મુદત વિત્યે કોઈ પણ વ્યક્તિ કે સંસ્થાનો કોઈ પણ પ્રકારે હક્ક, હિત, હિસ્સો, સંબંધ, અધિકાર, ચાર્જ, બોજો, લીયન, દરદાવો કે કોઈ પણ જાતનો વાંધો, હરકત નથી અને હોય તો તે જતો કર્યો છે એમ માની ... સદરહુ પ્લોટોવાળી મીલકત તેના માલીક ... પાસેથી વેચાણ રાખવાના કાયદાકીય પગલાઓ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈની તકરાર ચાલશે નહીં. જેની આથી જાહેર જનતાએ નોંધ લેવી.

ઓ: ૧૦૭-૭, કર્મ બિલ્ડીંગ, ગોપાલ મહોલ્લો, નાનપુરા, સુરત તા.૨૯/૧૦/૨૦૨૬ મો.નં.[illegible]

નિલય એસ. દોશી

નિરવ બી કરીરીયા

તે ખરીદનારના એડવોકેટસ

બેંક ઓફ બરોડા

કબજો શાખા : ... સુરત ... Email : [illegible]@bankofbaroda.com

સરફેસી એક્ટ, ૨૦૦૨ ના સેક્શન ૧૩ ના સબ-સેક્શન (૨) હેઠળ દેવાદારને નોટીસ

પ્રતિ, (૧) શ્રી વિજય ભગવાન ચાવ ચૌહાણ (દેવાદાર અને મોર્ગેજર)

(૨) શ્રીમતી પૂજા વિજય ચૌહાણ (સહદેવાદાર અને મોર્ગેજર) :

સરનામું : [illegible]

સરનામું : પ્લોટ નં. [illegible], શ્રી [illegible] રેસીડેન્સી, કુંડી, પલસાણા, સુરત - ૩૯૪૩૧૦.

મહેરબાનશ્રી,

વિષય : અમારી કડોદરા શાખા, સુરત પાસેથી મેળવેલ ક્રેડિટ સુવિધા.

મંજુરી પત્ર ક્રમાંક : Retail-000001 13700-LMS dated 23.07.2019. [illegible]

સુવિધાનો પ્રકાર	લીમીટ	વ્યાજનો દર હાલનો	[illegible]	કબજે લીધેલ સુરક્ષિત કરેલ મિલકતની વિગત
[illegible]	રૂ. [illegible]	[illegible]	[illegible]	રેસીડેન્શિયલ ... પ્લોટ નં.૭૪, ... રેસીડેન્સી, કુંડી, પલસાણા, જિ. સુરત ... [illegible]
કુલ :	રૂ. [illegible]		રૂ.[illegible]	વ્યાજ અને તેના પર અન્ય ખર્ચાઓ.

સુરક્ષિત વર્ણન : [illegible]

[illegible]

તા. [illegible] / સ્થળ : સુરત

અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, કડોદરા શાખા

બેંક ઓફ ઇન્ડિયા BOI

ઝોનલ ઓફિસ, સુરત ઝોન : બેંક ઓફ ઇન્ડિયા બિલ્ડીંગ, ૧લો માળ, ઘોડદોડ રોડ, પાંજરાપોળ સામે, સુરત-૩૯૫૦૦૧

ઈ – હરાજી પરત ખેંચવા અંગે

આથી તા. ૧૯/૧૦/૨૦૨૬ ના રોજ ગુજરાતમિત્ર અખબારમાં પ્રસિદ્ધ થયેલ ઈ-હરાજી વેચાણ નોટીસના સંદર્ભમાં જણાવવાનું કે અ.નં. ૧, ... શાખા, ... : શ્રી ... ની મિલકત તા. ૧૪/૧૧/૨૦૨૬ ના રોજ આયોજીત ઈ-હરાજી વેચાણ પ્રક્રિયામાંથી પરત ખેંચવામાં આવેલ છે.

ઈ-હરાજી વેચાણ નોટિસની બીજી બધી વિગતો યથાવત રહેશે.

તા-૨૯-૧૦-૨૦૨૬ | સ્થળ : સુરત અધિકૃત અધિકારી, બેંક ઓફ ઇન્ડિયા

-: જાહેર નોટીસ :-

[illegible]

જુનો બ્લોક નંબર	નવો બ્લોક નંબર	ક્ષેત્રફળ (ચો.મી.)	જમીન માલિકનું નામ	દસ્તાવેજ નંબર/તારીખ
૧૧૨૧૬	૨૦૭	૪૧૧૮	[illegible]	૬૪૮, તા.[illegible]
૧૧૧૨૨	૨૦૧	૩૧૨૪	-"-	-"-
૧૧૧૨૩	૨૦૩	૧૧૧૫	[illegible]	૬૪૯, તા.[illegible]
૧૧૨૧૨	૩૦૪	૨૮૪૧૫	-"-	-"-
૧૧૫	૭૦૫	૮૭૦૮	-"-	-"-
૧૧૨૧૫	૨૫૧	૧૧૨૫૫	-"-	-"-
૧૧૨૧૬	૨૨૬	૨૨૫૩	-"-	-"-
૧૧૮	૨૩૫	૧૦૫૬૪	-"-	-"-

[illegible]

સુરત, તા. ૨૯/૧૦/૨૦૨૬

ઓફિસ : ૩૫૪, ફૂડ સ્ક્વેર બિલ્ડીંગ, ડી.ક્યુ.પી. હોટલ સામે, એસ.વી.સવાણી રોડ, અડાજણ, સુરત. મો. [illegible]

તેજસ એચ. પટેલ

તે અશોકભાઈ ગોપાળભાઈ પટેલ વિ.ના એડવોકેટ

વેચાણ અંગે જાહેર નોટીસ

મોજે ઈટાળવામાં આવેલ ગંગા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ પૈકી પ્લોટ નં.બી/૧૬ અંગે

સુરત ડિસ્ટ્રીક્ટ, તાલુકા પલસાણા, મોજે ગામ ઈટાળવાના રે.સ.નં.૨૭, ૨૮, ૩૦/૧, બ્લોક નં.૨૬/૫વ વાળી ઔદ્યોગિક હેતુસરની બિનખેતીની જમીનમાં આયોજિત 'ગંગા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ' માં પાડવામાં આવેલા પ્લોટો પૈકી 'બી' ટાઈપના પ્લોટ નં.૧૬, જેનો સીટીસર્વેમાં સમાવેશ થતા સીટીસર્વે વોર્ડ ઈટાળવા (બીનખેતી), સીટીસર્વે નં.NA૨૬/બી/૧૬ છે, જેનું સીટીસર્વે મુજબ ક્ષેત્રફળ આશરે ૨૪૧.૫૯ ચો.મી. છે, તે ખુલ્લા પ્લોટવાળી મિલકતના ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું તથા સદરહુ મિલકતના એકલા સ્વતંત્ર, સંપૂર્ણ, માલીક, મુખત્યાર કબજેદાર રૂપક કમલેશકુમાર ગર્ગ ચાલી આવેલ હોવાનું જણાવી તેઓએ સદરહુ મિલકત તમામ બોજાથી મુક્ત અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. આથી સદરહુ મિલકત ઉપર કોઈના કોઈપણ જાતના ચાર્જ, બોજા, લીયન યા કોઈપણ જાતનો હક્ક હિત હિસ્સો લાગભાગ યા ઈઝમેન્ટ રાઈટ્સ હોય તો તે અંગેના લેખિત પુરાવા આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ માં નીચે જણાવેલ ઠેકાણે રજૂ કરવા, અન્યથા સદરહુ મિલકત ઉપર કોઈના કોઈપણ જાતના હક્કો નથી અને હોય તો તે જતા કર્યા છે તેવું શુધ્ધબુધ્ધિપૂર્વક ગણીને સદરહુ મિલકતનો રજી. વેચાણ દસ્તાવેજ તથા લખાણો અમારા અસીલ કરાવી લેશે, ત્યારબાદ કોઈની કોઈ પણ તકરાર–તકરાર ચાલશે નહી, જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી.

તા. ૨૯/૧૦/૨૦૨૬

ઠેકાણું : બી/૭૦૭-૭૦૮, તિરૂપતિ પ્લાઝા, ફેમિલી કોર્ટની સામે, નાનપુરા, સુરત.

ઝીણાભાઈ જી. પટેલ

કિંજલ જે. વર્મા

તે ખરીદનારના એડવોકેટસ

ટાઇટલ ક્લીયરન્સ રીપોર્ટ અંગે જાહેર નોટીસ

ડીસ્ટ્રીક્ટ સુરત, તાલુકા ઉધના, મોજે ઉધના, રે.સ.નં.૨૪૧/૧ થી નોંધાયેલ જમીન પર આવેલ સાંઈબાબા કો. ઓ. હા. સોસા. લિ.ના પ્લોટો પૈકી પ્લોટ નં.૧૩૧, ૧૩૨ તથા ૧૩૩ પર આવેલ ઇમારત જેમાં બેઝમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર તથા પહેલા માળ પૈકી ગ્રાઉન્ડ ફ્લોર ચાને ભોંયતળીયા ચાને અંદરના તથા બહારના ઓટલાના ભાગવાળી મીલકત જેનું કુલ્લે ક્ષેત્રફળ ૧૯૯૦ સ.ચો.ફૂટ છે જે સુરત મહાનગરપાલિકા હદતરે ટેનામેન્ટ નં. ૦૭૧સી-૦૧-૧૦૨૫-૦-૦૦૧ થી નોંધાયેલ છે તે મીલકતના મહેન્દ્ર તારાચંદ મલિક માલીક, મુખત્યાર અને પ્રત્યક્ષ કબજેદાર ચાલી આવેલ છે અને મજકુર મહેન્દ્ર તારાચંદ મલિક એ હમો પાસે ટાઈટલ ક્લીયરન્સ રીપોર્ટ બાબતે માંગણી કરેલ છે. સબબ, સદરહુ મીલકત અંગે કોઈપણ વ્યક્તિ, બેંક, સંસ્થાના યા કોઈના કોઈપણ જાતના હક્ક, હિત, સંબંધ, લાગભાગ, દરદાવો, લીયન, બોજો, ભરણપોષણ, આવવા-જવાના યા ઈઝમેન્ટના હક્કો યા વેચાણ રાખવા અંગેના હક્કો યા અન્ય કોઈપણ પ્રકારના હક્કો હોય તો તે અંગેના દસ્તાવેજ પુરાવાઓ સહિત આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૦૭ ની મુદતમાં હમોને લેખિતમાં જાણ કરવી. જેમાં કસુર થયે સદરહુ મીલકત અંગે કોઈના કોઈપણ જાતના હક્ક, હિત, સંબંધ, લાગભાગ, દરદાવો, લીયન, બોજો, ભરણપોષણ, આવવા જવાના, ઈઝમેન્ટ હક્કો બાબતે યા અન્ય કોઈપણ હક્કો નહીં હોવાનું અને હોય તો છોડી દીધા હોવાનું ગણી સદરહુ મીલકત અંગે ટાઈટલ ક્લીયરન્સ રીપોર્ટ આપવા અંગે આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ, ભવિષ્યમાં તે અંગે કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહીં. જેની સર્વેએ નોંધ લેવી.

૩, 'મધુ-મંગલા', કૃષ્ણધામ સોસાયટી, પ્રગતિનગરની બાજુમાં, વેસુ, સુરત મો. ૯૮૨૫૪ ૧૬૦૦૬

વિરેન્દ્ર એન. બ્રહ્મભટ્ટ એડવોકેટ

જાહેર ચેતવણી

આથી આ જાહેર ચેતવણી આપી લાગતા વળગતાને જણાવવામાં આવે છે કે, (૧) જી.સુરત, તા.ચોર્યાસી, મોજે ગામ : ડ્રાઇવા ના સર્વે નં.૧/૧+૧૩૦+૧૩૧-૨૧૯૪૩.૪૫, બ્લોક નં. ૧૩૧/૨, (૨) જી.સુરત, તા.ચોર્યાસી, મોજે ગામ : ડ્રાઇવા ના સર્વે/બ્લોક નં.૧૦૯, (૩) જી.સુરત, તા.ચોર્યાસી, મોજે ગામ : ડ્રાઇવા ના સર્વે/બ્લોક નં.૧૧૫, (૪) જી.સુરત, તા.સુરત, ના મોજે ગામ : ઉંડીલી માં બ્રાહ્મણ ફળીયામાં આવેલ મિલકતનો, વેરા આકારણી નં.૧૦૬, નો સુરત મહાનગરપાલિકામાં ટેનામેન્ટ નં.૦૪૩A-૦૧-૧૦૪૧-૦-૦૦૧, (૫) જી.સુરત, તા.બારડોલી, મોજે ગામ કુવાડીયા ના સર્વે નં.૯/૧, ૧૦/૨અ, બ્લોક નં.૧૪, (૬) જી.સુરત, તા.બારડોલી, મોજે ગામ : વાઘેચ સરભોણ, સર્વે નં.૮૭, બ્લોક નં.૨૫૪૩, વાળી જમીન મિલકતના રેકર્ડ પરના માલીક, અને પ્રત્યક્ષ કબજેદાર, ભોગવટેદાર તરીકે મારા અસીલ ઉપાબેન હસમુખભાઈ જાની, અને નિલેષકુમાર ઉર્ફે નિલયકુમાર હસમુખભાઈ જાની, ચાલી આવેલા છે. ઉપરોક્ત મિલકતોમાં વારસદારોની તકરાર ચાલી રહેલ હોય, અને ઉપરોક્ત મિલકતોમાં સુરત સિવિલ કોર્ટમાં સ્પે.દી.દા.નં.૨૪૫/૨૦૨૬, ચાલી રહેલ હોય, ઉપરોક્ત તમામ મિલકતો મારા અસીલના કબજા ભોગવટા વાળી મિલકત હોય, આથી, સદરહુ જમીન મિલકત અંગે કોઈપણ વ્યક્તિએ જમીનના હક્કો તથા ચાલુ ન્યાયિક કાર્યવાહીનું ધ્યાન રાખ્યા વિના ખરીદ-વેચાણ, તબદીલી, હસ્તાંતરણ કે અન્ય કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં તેમજ અનધિકૃત રીતે જમીનનો કબજો મેળવવો કે તેમાં પ્રવેશ કરવો નહીં. અન્યથા ફોજદારી રાહે પોલિસ કાર્યવાહી તેમજ કાનુની કાર્યવાહી કરવાની મારા અસીલને ફરજ પડશે. જેની લાગતા વળગતા તમામે સ્પષ્ટ નોંધ લેવી.

નરેશ એચ. નાવડીયા – ભાવેશ પી. નાવડીયા

તે ઉપાબેન હસમુખભાઈ જાની અને નિલેષકુમાર ઉર્ફે નિલયકુમાર હસમુખભાઈ જાની ના એડવોકેટસ

૪૧૧, ૪૧૫, ચોથે માળ, લેવલ ડાયમંડ સેન્ટર, ન્યુ ગીતા બેકરીની ઉપર, હીરા સરખની બાજુમાં, મોહન ચાલની સામે, મીની બજાર, વરાછા રોડ, સુરત – ૩૯૫૦૦૬. મો. [illegible]

-:: જાહેર ચેતવણી ::-

વાદગ્રસ્ત/વિવાદાસ્પદ ખેતીની જમીન/મિલકત

મોજે: કામરેજ, તા.કામરેજ, જિ. સુરતની સીમમાં આવેલ

બ્લોક નંબર : ૩૫૭/૧/બ, ૩૫૭/૧/અ/૨ બાબતે

હમારા અસીલો મર્હુમ રેવાબેન છગનભાઈ ધનાભાઈની પુત્રીના વારસદારો સતીષભાઈ શંકરભાઈ મકવાણા વિગેરે નાઓએ શિર્ષકમાં જણાવેલ ખેતીની જમીન બાબતે (૧) સુશીલાબેન ઠાકોરભાઈ તે રમણભાઈ છગનભાઈની પુત્રી, (૨) રમીલાબેન રમેશભાઈ તે રમણભાઈ છગનભાઈની પુત્રી, (૩) રૂખીબેન ઉર્ફે નયનાબેન મહેશભાઈ તે રમણભાઈ છગનભાઈની પુત્રી, (૪) રંજનબેન રણછોડભાઈ તે રમણભાઈ છગનભાઈની પુત્રી, (૫) રાધાબેન તે ચંદુભાઈ રમણભાઈની વિધવા, (૬) ગાયત્રીબેન તે ચંદુભાઈ રમણભાઈ પુત્રી, (૭) સાવિત્રીબેન તે ચંદુભાઈ રમણભાઈની પુત્રી, (૮) છાયાબેન તે મનોજભાઈ ચંદુભાઈની વિધવા, (૯) નિકીતાબેન મનોજભાઈ, (૧૦) ભાનુબેન તે ઉમેશભાઈ રમણભાઈની વિધવા, (૧૧) ઉર્વિશીબેન ઉમેશભાઈ રમણભાઈની પુત્રી, (૧૨) નિશાબેન તે ઉમેશભાઈ રમણભાઈની પુત્રી, (૧૩) રાજ ઉમેશભાઈ, (૧૪) તારાબેન દુલ્લભભાઈ પટેલ, (૧૫) હસમુખભાઈ કુલજીભાઈ જોબાલી, (૧૬) રવિન્દ્રભાઈ પોપટભાઈ બલર, (૧૭) નરેશભાઈ પોપટભાઈ બલર નાઓ વિરૂધ્ધ મહેરબાન કલોલના પ્રિન્સીપાલ સિનીયર સિવીલ જજ સાહેબની કોર્ટમાં ફરી ફાઈલ અરજી નં.૨૦/૨૦૨૬ નો દાવો અરજી ચાલુ પેન્ડીંગ છે. મુળ દાવો સ્પે.દિ.મુ.નં-૯૪/૨૦૧૮ ના દાવો ટેકનીકલ કારણોસર નિકાલ થયેલ. જેની સામે હમારા અસીલોએ દીવા અરજી નં.૬/૨૪ ની દાખલ કરેલ અને જે મંજુર થતાં ફરી ફાઈલ થાને દાવો રેસ્ટોર કરવાની અરજી પર છે. જેથી શિર્ષકમાં જણાવેલ ખેતીની જમીન/ મિલકત બાબતે કોઈપણ પ્રકારના ટ્રાન્ઝેક્શન કરવા-કરાવવા નહી અને કોર્ટમાં ચાલુ દાવા પ્રકરણ બાબતે કોઈપણ વ્યક્તિ ઉપર જણાવેલ શખ્સો પાસેથી વેચાણ, ખરીદ, ભાડેથી કે અન્ય કોઈપણ પ્રકારે ટ્રાન્ઝેક્શન કરશે તો તેઓને ખામીવાળા ટાઇટલ પ્રાપ્ત થશે અને કોર્ટ પ્રકરણમાં તેઓને સામેલ કરી તેઓની સામે કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની લાગતા-વળગતા સર્વે જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે.

મારી સુચનાથી પ્રસિધ્ધ માટે નોટીસ જાહેર કરાવી છે તારીખ ૨૮/૧૦/૨૦૨૬

ઠેકાણું : ૬/૭૫૫૮ પૈકી, ચોકીવાડ, ટોરેન્ટ પાવર કંપનીની બાજુમાં, નિલમ મેદાન, બેગમપુરા, સુરત-૩૯૫૦૦૩

ડી. એન. રાઠોડ (એડવોકેટ)

તે સતીષ શંકરલાલ વિગેરેના એડવોકેટ

બેંક ઑફ ઇન્ડિયા Bank of India BOI

ઝોનલ ઓફિસ, સુરત ઝોન : બેંક ઓફ ઇન્ડિયા બિલ્ડીંગ, ૧લો માળ, ઘોડદોડ રોડ, પાંજરાપોળ સામે, સુરત-૩૯૫૦૦૧

સરફેસી એક્ટ, ૨૦૦૨ હેઠળ મિલકતોની ઈ-હરાજી વેચાણ નોટીસ

ઈ-હરાજીની તા.૨૬.૧૧.૨૦૨૬ સવારે ૧૧ થી સાંજે ૫ સુધી (ઓટો એક્સટેન્શન નિયમ પ્રમાણે હરાજી બંધ થવા પહેલા ૧૦ મિનીટના વધારા સાથે)

[illegible]

અ. નં.	શાખાનું નામ / દેવાદાર / જામીનદાર / માલિક / ગીરવેદાર / મિલકતના ગીરવેદાર નું નામ	સુરક્ષિત કરેલ મિલકતનું વર્ણન	અ) ડિમાન્ડ નોટીસ તારીખ / બ) બાકી રકમ / ક) કબજાનો પ્રકાર	અનામત કિંમત / ઇએમડી	ખાતા નંબર
૧.	આનંદ મહેલ શાખા / શ્રીનાદેવી ... કનૈયા વર્મા	સ્થાવર મિલકત : ... ચો.મી.	અ) ૩૦.૦૭.૨૦૨૧ બ) રૂ.[illegible] વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) સાંકેતિક કબજો	રૂ.૧૨,૧૦,૦૦૦/- રૂ.૧,૨૧,૦૦૦/-	[illegible]
૨.	આનંદ મહેલ શાખા / ...	સ્થાવર મિલકત : ... ૩૦.૧૩ ચો.મી.	અ) ૨૯-૧૧-૨૦૨૫ બ) રૂ.[illegible] ક) સાંકેતિક કબજો	રૂ.૮,૩૩,૦૦૦/- રૂ.૮૩,૩૦૦/-	[illegible]
૩.	આનંદ મહેલ શાખા / સોનુ કુમાર	સ્થાવર મિલકત : ... ૩૦.૧૩ ચો.મી.	અ) ૩૦.૦૮.૨૦૨૫ બ) રૂ.[illegible] ક) સાંકેતિક કબજો	રૂ.૮,૬૯,૦૦૦/- રૂ.૮૬,૯૦૦/-	[illegible]
૪.	સચિન ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ શાખા / શ્રી પ્રદીપ ...	સ્થાવર મિલકત : ...	અ) [illegible] બ) રૂ.[illegible] ક) પ્રત્યક્ષ કબજો	રૂ.[illegible] રૂ.[illegible]	[illegible]
૫.	બારડોલી શાખા / ...	સ્થાવર મિલકત : ...	અ) [illegible] બ) રૂ.[illegible] ક) પ્રત્યક્ષ કબજો	રૂ.૮,૬૩,૦૦૦/- રૂ.૮૬,૩૦૦/-	[illegible]
૬.	... શાખા / ...	સ્થાવર મિલકત : ...	અ) [illegible] બ) રૂ.[illegible] ક) પ્રત્યક્ષ કબજો	રૂ.[illegible] રૂ.[illegible]	[illegible]
૭.	... શાખા / ...	સ્થાવર મિલકત : ...	અ) [illegible] બ) રૂ.[illegible] ક) પ્રત્યક્ષ કબજો	રૂ.[illegible] રૂ.[illegible]	[illegible]
૮.	... શાખા / ...	સ્થાવર મિલકત : ...	અ) [illegible] બ) રૂ.[illegible] ક) પ્રત્યક્ષ કબજો	રૂ.[illegible] રૂ.[illegible]	[illegible]
૯.	... શાખા / ...	સ્થાવર મિલકત : ...	અ) [illegible] બ) રૂ.[illegible] ક) પ્રત્યક્ષ કબજો	રૂ.[illegible] રૂ.[illegible]	[illegible]
૧૦.	વરાછા રોડ શાખા / ...	સ્થાવર મિલકત : ...	અ) ૦૩.૦૧.૨૦૨૩ બ) રૂ.[illegible] ક) સાંકેતિક કબજો	રૂ.[illegible] રૂ.[illegible]	[illegible]
૧૧.	વરાછા રોડ શાખા / ...	સ્થાવર મિલકત : ...	અ) ૦૩.૦૧.૨૦૨૩ બ) રૂ.[illegible] ક) સાંકેતિક કબજો	રૂ.[illegible] રૂ.[illegible]	[illegible]
૧૨.	... શાખા / ...	સ્થાવર મિલકત : ...	અ) [illegible] બ) રૂ.[illegible] ક) પ્રતીક કબજો	રૂ.[illegible] રૂ.[illegible]	[illegible]

હરાજીમાં ભાગ લેતા પહેલા બીડરોએ મિલકત/તોનું સાઈટ પરનું માપ અને રેવન્યુ રેકર્ડ માં પણ માપ ચકાસી લેવાનું રહેશે.

[illegible] https://baanknet.com ... https://www.bankofindia.co.in ... TDS ...

તા.૨૯.૧૦.૨૦૨૬ | સ્થળ : સુરત

અધિકૃત અધિકારી, બેંક ઓફ ઈન્ડીયા